# પ્લાસ્ટીકના ઉપયોગ બદલ વેપારીઓ પાસેથી રૂ. ૧૧,૬૦૦નો દંડ વસુલાયો

## કોર્પોરેશનના સેનિટેશન વિભાગે શોપિંગોમાં દરોડા પાડયા

ગાંધીનગર, તા.૭

મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગે પાંચ દિવસમાં શહેરના સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાં દરોડા પાડી ૧૮ કિલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરી રૂ. ૧૧,૬૦૦નો દંડ વસુલ્યો છે.

શહેરનો પ્લાસ્ટીકયુકત બનાવવાના અભિયાન અન્વયે શોપિંગ વિસ્તારમાં પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા વેપારીઓને દંડવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટીકના ઉપયોગ સામે પ્રતિબંધ હોવા છતાં શોપિંગ વિસ્તારના દુકાનદારો અને વેપારીઓ પ્લાસ્ટીક બેગનો ઉપયોગ કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને અનુલક્ષી મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા શોપિંગોમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર સી.આર. ખરસાણની સૂચના અન્વયે સેનિટેશનની ટીમે શહેરમાં તા. ૨૮ જૂનથી ૩ જુલાઈ દરમિયાન સે-૬, ૭, અને સે-૨૪ અને સે-૨૧ સહીત ઘ-૨, ઘ-૬ તેમજ ઘ-૩ના વિસ્તારમાં દુકાનોમાં દરોડા પાડયા હતા. આ દરમિયાન વિવિધ સેકટરોમાં સ્થિત શોપિંગના વેપારીઓ પાસેથી ૧૮.૨ કિલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો. જયારે પ્લાસ્ટીકના ઉપયોગ બદલ તંત્રની ટીમે વેપારીઓ પાસેથી રૂ. ૧૧,૬૦૦નો દંડ પણ વસુલ્યો હતો.



કોંગ્રેસ સમર્થક યુવાનો દ્વારા ગાંધીનગરમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૦ યુવાનોએ કોંગ્રેસ કાર્યાલયથી આ રેલીનો આરંભ કર્યો હતો. (તસવીર : દિપક જાની)

## આજે શ્રી પદ્મસાગર સૂરીશ્વરજીનું પ્રેરણાદાયી પ્રવચન

ગાંધીનગર, તા. ૭

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા (ગાંધીનગર) ખાતે પ.પૂ. રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.નું 'પુણ્ય કા જન્મસ્થાન' વિષય પર પ્રેરણાદાયી પ્રવચનનું આયોજન આવતીકાલે તા. ૮મી જુલાઈના રોજ બપોરે ૩.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.

# સીટી બસ ડેપોથી અડાલજ, ચાંદખેડા બસના રૂટમાં નજીવો ફેરફાર કરવા મુસાફરોની માંગ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર અને ચાંદખેડા નિવાસ કરતા નાના-મોટા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ માટે સીટી બસ રૂપ આવકારદાયક બન્યો છે પણ આ અડાલજ ચાંદખેડા બસના રૂટમાં સામાન્ય ફેરફાર કરવામાં આવે તો પેસેન્જર્સને તથા તંત્રને ફાયદારૂપ નિવડે તેવું છે.

સીટી બસ ડેપોથી ઘ-૦ થઈ અડાલજ ચાંદખેડા સુધી નવ બસો દોડે છે. ઘ-૦ થી કોઈ પેસેન્જર બેસનાર કે ઉતરનાર હોતુ નથી. આ રૂટની પાંચ બસો ઘ-૦ થઈ અડાલજ ચાંદખેડા આવ-જા કરે અને અન્ય ચાર બસો સીટી બસ ડેપોથી ઘ-૧, ખ-૧, ગ-૧ થઈ સરગાસણ ચાર રસ્તા થઈ અડાલજ ચાંદખેડા જાય તથા ચાંદખેડા અડાલજ થઈ સરગાસણ ચાર રસ્તા થઈ ખ-૧, ગ-૧, ઘ-૧ થઈ પરત સીટી બસ ડેપો આવે તો સેકટર-૩ તથા સેકટર-૪ના રહીશોને સીટી બસનો લાભ મળી શકે. નિયત કરેલા બસ રૂટમાં આટલો થોડો ફેરફાર કરવામાં આવે તો સેક્ટર-૩ અને સેક્ટર-૪ના રહીશોને બસની સુવિધા મળે તથા સીટી બસને વકરો મળે.

ચાંદખેડા થી અડાલજ અને ગાંધીનગર નિયમિત અપ-ડાઉન કરતા મુસાફરોએ નવ બસ રૂટમાંથી પાંચ બસો ઘ-૦ થઈને દોડાવવાની અને ચાર બસો ઘ-૧, ખ-૧, ઘ-૧ થઈને દોડાવવાની માંગણી કરી છે. નવ બસના ડ્રાયવર, કંડકટરની સંમતિ સાથે અને લોકશાહી પ્રણાલિકા મુજબ તંત્ર જો યોગ્ય નિર્ણય લે તો મુસાફરો અને તંત્રના હિતમાં છે.

## ગાંધીનગર જિલ્લા કોગ્રેંસ મહામંત્રી તરીકે ડૉ. મનોજભાઈ અમીનની નિમણુંક

ગાંધીનગર તા. ૭

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભા કોગ્રેંસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની મંજૂરીથી ગાંધીનગર જિલ્લા કોગ્રેંસ સમિતિની મહામંત્રી તરીકે ડૉ.મનોજભાઈ ડી. અમીનની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કોગ્રેંસ સમિતિના પ્રમુખ સી.જે. ચાવડાએ ડૉ. મનોજભાઈ અમીનની નિમણુંકની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, પક્ષની પ્રત્યેક નિષ્ઠા અને કાર્યક્ષમતા ધરાવતા ડૉ. મનોજભાઈ અમીનના નેતૃત્વ હેઠળ જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બનશે તેવી મને આશા છે.



ડૉ. મનોજભાઈ અમીનની સમગ્ર જિલ્લાના કાર્યકરોએ આવકાર આપીને અભિનંદન આપ્યા છે. અને તેમની કામગીરીમાં સંપૂર્ણ સહકારની ખાત્રી આપી છે.

## અડાલજ પાસે પકોડીવાળાનો મોબાઈલ ચોરતા એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૭

ગઈકાલે સાંજે અડાલજ બાલાપીર પાસે રીક્ષા નં. જીજે-૧-સી-એક્સ-૫૬૫૭માં આવેલા રીક્ષાચાલક સહીત અન્ય ત્રણ શખ્સો પાણીપુરી ખાવા માટે ઉભા રહ્યા હતા. જ્યારે પાણી પુરી ખાધા બાદ રૂ. ૫૦૦ની નોટ આપતા પકોડીવાળાએ છુટા પૈસા માંગ્યા હતા જયારે છુટા પૈસાની મથામણ દરમિયાન આ શખ્સોએ પકોડીવાળાના મોબાઈલની ઉઠાંતરી કરી રીક્ષાની ડેકીમાં સંતાડી દીધો હતો. આ દરમિયાન પકોડીની લારીવાળાને ખ્યાલ આવી જતા સ્થાનિક લોકોની મદદથી રીક્ષાવાળાને પકડ્યો હતો જ્યારે રીક્ષામાં આવેલા અન્ય ત્રણ શખ્સો પલાયન થઈ ગયા હતા. આ અંગે અડાલજ પોલીસને જાણ કરવામાં આવતા પ્રોબેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.જે. વાઘેલાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સ્થળ પરથી ફરાર થયેલા આરોપીઓને શોધવા પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરના નવા વર્ષ માટે ચૂંટાયેલા હોદ્દેદારોનો શપથવિધિ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

## ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડિટ સો.લી.ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૭

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટી લી. ગાંધીનગરની તાજેતરમાં બેઠક મળી હતી. વ્યવસ્થાપક સમિતિની આ બેઠકમાં સોસાયટીના નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ન્યુ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ તરીકે જુવાનસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે ચન્દ્રેશ પટેલ, માનદમંત્રી તરીકે અશ્વિનકુમાર વ્યાસ, સહમંત્રી તરીકે રાજુલ એન. ભટ્ટ, ચેરમેન લોન સમિતિમાં ભીખુજી વાઘેલા અને ખરીદ સમિતિના ચેરમેન તરીકે પ્રજ્ઞેશ રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. નિયુક્ત થયેલા હોદ્દેદારોને સર્વે સભ્યોએ અભિનંદન આપી શુભેચ્છા પ્રગટ કરી હતી.

# ઝુંપડવાસીઓને હટાવતાં પહેલાં માનવતા ધોરણે સગવડો આપો

ગાંધીનગર તા. ૭

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના પ્રમુખશ્રી ભાનુકાન્ત પી. પરમાર અને મહામંત્રીશ્રી મુળજીભાઈ પરમારે સંયુકત યાદીમાં જણાવેલ છે. તાજેતરમાં ઝુંપડાવાસીઓને બળજબરીથી હાંકી કાઢી રઝળતા કર્યા છે. તે માનવ હકક અને માનવતાની વિરુદ્ધ છે.

નામદાર સુપ્રિમકોર્ટ શાંતિ સ્ટાર બિલ્ડર કેસમાં ખોરાક, કપડાં અને રહેઠાણ એ ત્રણેય માનવની રૂઢિગત પાયાની જરૂરિયાતો છે. તેમ ઠરાવી મૂળભૂત અધિકાર તરીકે માન્ય કરેલ છે. સંયુકત રાષ્ટ્રોના ધોષણા પત્રોમાં પણ માનવ અધિકારી તરીકે હાઉસીંગને માન્ય ગણેલ છે. તેમ છતાં ગાંધીનગર ખાતે વિકાસના નામે વર્ષોથી વસતાં ઝુંપડાવાસીઓને ઝુંપડી તોડી નાખવામાં આવ્યા છે. વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડી નથી. જેથી આ સંસ્થા નારાજગી વ્યકત કરીને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે.

છેલ્લાં ૧૦ વર્ષથી અનેક આવેદન પત્રો આ અંગે આપેલ છે. રૂા. ૩૦૦ કરોડનું ફંડ પણ ઉપલબ્ધ છે.

સંસ્થાની રજૂઆત ધ્યાને લઈ ઝુંપડવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા ન પુરી પડાય ત્યાં સુધી આ કામગીરી સ્થગિત કરવી જોઈએ. તેવી માંગણી છે.

# જલારામ મહિલા મંડળની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

ગાંધીનગર તા. ૭

શ્રી જલારામ મહિલા મંડળ ગાંધીનગર તરફથી સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૭, ૧૩-૧, ૧૩-૨, સેકટર-૨૯ તથા ગોકુળપુરા પ્રાથમિક શાળામાં નોટબુક, પેન્સિલ, રબ્બર, બોલપેન, ધોરણ ૨ અને ૮ માં વિતરણ કર્યું હતું. વરિષ્ઠ બહેનોને શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. આ સાથે ગૌરીવ્રત નિમિતે વેશભૂષા, મહેંદી હરિફાઈ, કેશ ગૂંથણ હરિફાઈ યોજી હતી.

વેશભૂષામાં પ્રથમ ઋતુ પૂજારા, દ્વિતીય નિરાલી ઠક્કર, તૃતીય પ્રિન્સી ઠક્કર આવ્યા હતા. મહેંદી હરિફાઈમાં પ્રથમ નેન્સી ઠક્કર, જ્યોતિ ઠક્કર અને જીનલ ઠક્કર,

આ રીતે જલારામ મહિલા મંડળ ગાંધીનગરે વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. કુસુમબેન તન્ના પ્રમુખશ્રી, જયાબેન ઠક્કર મંત્રીશ્રીએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# નુરેમહમદી સાર્વજનિક હોસ્પિટલમાં કોપર્ટી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૭

જિલ્લા આરોગ્યતંત્ર ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસ્તી દિન ઉજવણીના ભાગરૂપે બ્લોક હેલ્થ કચેરી, કલોલ અર્બન હેલ્થ સેન્ટર, કલોલ તથા નુરેમહમદી સાર્વજનિક હોસ્પિટલ ખાતે તાજેતરમાં કોપર્ટી-આંકડી મુકવાનો કેમ્પ યોજાયો હતો.

નુરે મહમદી સાર્વજનિક હોસ્પિટલ, કલોલના ડૉ. હર્ષદભાઈ પટેલ, ડૉ. નૈસીયાબેન સૈયદ, અર્બન હેલ્થ ઓફિસર ડૉ. હેમંત પટેલ, ફાલ્ગુની ગોસ્વામી અને નંદાબેન પંડ્યાની હાજરીમાં સમગ્ર કેમ્પમાં ૧૫૧ લાભાર્થીઓએ કોપર્ટી મુકાવી હતી. સદર કેમ્પમાં આંકડી મુકાવનાર બહેનનું હિમોગ્લોબીન યુરીન એકઝમીનેશન તેમજ મેલેરીયાની તપાસ કરવામાં આવી હતી અને ઓછા હિમોગ્લોબીનવાળી બહેનોને પૂરક પોષણ માટે આરોગ્ય શિક્ષણ અને આયર્ન ગોળીઓ આપવામાં આવી હતી.

આંકડી કેમ્પમાં આવેલા લાભાર્થીઓને પ્રદર્શન દ્વારા પત્રિકા દ્વારા તેમજ સ્થળ ઉપર જૂથ ચર્ચા કરી કુટુંબ કલ્યાણની કાયમી પદ્ધતિઓ તેમજ બીનકાયમી પદ્ધતિઓની કર્મચારીઓ દ્વારા તેમજ આરોગ્યના અન્ય કાર્યક્રમો તેમજ યોજનાકીય માહિતી પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા આર.સી.એચ. અધિકારી ડૉ. આર.વી. પંડ્યા, બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, અર્બન હેલ્થ ઓફિસર ડૉ. હેમંત પટેલ, નુરેમહમદી સાર્વજનિક હોસ્પિટલના પ્રમુખ અલતાફભાઈ ઘાંચી, ટ્રસ્ટી ઈકબાલભાઈ ચૌહાણ, નરેમહમદી સાર્વજનિક હોસ્પિટલના સ્ટાફગણે ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# સમાજસેવામાં સમર્પિત વ્યક્તિત્વ કુંવરજીભાઈ પટેલ

**સરકારી સેવામાંથી નિવૃત્ત થયા ને નિવૃત્ત જીવન કેવી રીતે ગાળવું એ વિચાર કરે તે પહેલાં જ સ્નેહીઓએ સમાજસેવાનો માર્ગ દેખાડયો ને એ માર્ગમાં એવા તો પ્રવૃત્ત થઈ ગયા કે અન્ય અનેક માટે તેઓ પ્રેરણારૂપ બન્યા**

સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલા પ્રતિભાશાળી વ્યક્તિ પોતાનું નિવૃત્ત જીવન કેવી રીતે વિતાવવું એ વિચાર કરે એ પહેલાં જ કોઈ સ્નેહી તેને સમાજસેવાનો રાહ દેખાડે અને વ્યક્તિ એ રાહ પર એ અદાથી ચાલે કે અન્યો માટે એ પ્રેરણારૂપ બની જાય. આ હકીકત ગાંધીનગરના એક વ્યક્તિવિશેષની છે.

મનુષ્ય પાસે સૌથી મોટી મૂડી સદ્‌ગુણોની, સદ્‌વિચારોની, સદ્‌ભાવનાની અને શિષ્ટાચારની છે. જેની પાસે આ ગુણોની મૂડી જેટલી વધુ તેટલો જ તે વધુ ધનિક છે. ધનના બદલામાં બજારમાંથી બધી જ વસ્તુ ખરીદી શકાય છે. તેવી જ રીતે સદ્‌ગુણોની મૂડીથી કોઈપણ દિશામાં ઈચ્છિત પ્રગતિ કરી શકાય છે. જેની અંદર સદ્‌ગુણોની મૂડી સાથે નમ્રતા, સદ્‌વિચારો, સદ્‌ભાવના અને શિષ્ટાચારની મૂડી ભરેલી છે તેને આત્મબળ અને આત્મવિશ્વાસ દૈવી સહાયતાની જેમ હંમેશા પ્રગતિનો માર્ગ દેખાડે છે. પોતાના મધુર અને બીજાને ઉપયોગી થવાના સ્વભાવને કારણે જ્યાં પણ જાય ત્યાં પોતાનું સ્થાન આપમેળે બનાવી લે છે. પોતાની આગવી વિશેષતાઓથી તે સૌને પ્રભાવિત કરે છે અને બધાની સહાનુભૂતિ મેળવે છે. આવી પ્રતિભાસંપન્ન, કર્મનિષ્ઠ અને સેવાભાવી વ્યક્તિ સમાજમાં હાલ ૭૭ વર્ષની જૈફ ઉંમરે પણ કાર્યરત છે, જેનું નામ છે કુંવરજીભાઈ અમરશીભાઈ પટેલ.

કુંવરજીભાઈનો જન્મ ૧૯૩૫માં ભાવનગર જિલ્લાના બોટાદ મુકામે ખેડૂત કુટુંબમાં થયો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બોટાદ ગામની શાળાઓમાં લઈ માર્ચ, ૧૯૫૫માં એસએસસી થયા પછી શ્રી શામળદાસ કૉલેજ અને સર પીપી ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરમાં આગળ અભ્યાસ માટે સાયન્સ વિભાગમાં દાખલ થયા અને એપ્રિલ, ૧૯૫૭માં ઈન્ટર સાયન્સમાં ફર્સ્ટ ક્લાસ મેળવી શ્રી લખધિરજી ઍન્જિનીયરીંગ કૉલેજ, મોરબીમાં સિવિલ ઍન્જિનીયરીંગમાં ડિગ્રી કોર્સમાં દાખળ થઈ સને ૧૯૬૧માં બીઈ (સિવિલ)ની ડિગ્રી પ્રાપ્ત કરી.



ત્યારબાદ બે વર્ષ માટે મે. ધોળકિયા કન્સ્ટ્રક્શન કંપનીમાં ધુવારણ થર્મલ પાવર સ્ટેશનના બાંધકામમાં સેવા આપી ૧૯૬૩માં ગુજરાત સરકારના જાહેર બાંધકામ વિભાગમાં જુનિયર ઍન્જિનીયર તરીકે જોડાયા અને સરકારને ૩૦ વર્ષ, ૬ મહિના પોતાની સેવાઓ આપી ૧૯૯૩માં કાર્યપાલક ઈજનેર તરીકે નિવૃત્ત થયા.

કુંવરજીભાઈ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગરના સેવા કાર્યમાં ૧૯૮૦થી કાર્યરત છે. તેમનો સમાજ ઉત્થાનમાં અને સંકુલના નિર્માણ માટે ભંડોળ એકત્રિત કરવામાં ઘણો અગત્યનો ફાળો છે. તેઓએ ૧૯૮૩થી ૧૯૮૫ બે વર્ષ માટે અને ૧૯૯૦ થી ૨૦૦૩ તેર વર્ષ માટે એક કુલ પંદર વર્ષ સમાજના ઉપ પ્રમુખ તરીકે મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તેઓ જ્યારે ૧૯૯૩માં નિવૃત્ત થયા ત્યારે બીજી કોઈ પ્રવૃત્તિ ન કરતાં શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના અગ્રણી સ્વ. નાનુભાઈ કરશનભાઈ કથિરીયા અને રમેશભાઈ સવાણી તેમજ સમગ્ર ટ્રસ્ટી મંડળના સભ્યોની વિનંતીને માન આપી સમાજના સંકુલના બાંધકામનો સઘળો ભાર ઉપાડી બાંધકામ સમિતિના ચૅરમૅન તરીકે ખંત અને નિષ્ઠાથી સેવા આપી અને સંકુલના ત્રણે ભવનોનું બાંધકામ સારી રીતે પૂરું કર્યું.

કુંવરજીભાઈ નિવૃત્ત થયા પછી અને હાલ પણ દરરોજ સમાજ સંકુલમાં સેવા માટે હાજર રહે છે અને સમાજના ભવનોના નિભાવ અને સંચાલનમાં દેખરેખ રાખે છે તથા જરૂરી સલાહ-સૂચન આપે છે. તેઓ મૂક કાર્યકરની માફક કાર્ય કરે રાખે છે. કોઈપણ પ્રકારનાં નાનાં-મોટાં કાર્યો કરવામાં તેઓ શરમ અનુભવતા નથી. વધારે પડતું બોલવામાં કે ભાષણગીરીમાં તેમને રસ નથી અને પ્રસિધ્ધિથી પણ તેઓ હંમેશા અંતર રાખે છે. દરેકને અનુકૂળ થવાની તેમની ભાવનાને કારણે જ સમાજમાં તેમની આગવી ઓળખ ઊભી થઈ છે અને તેઓ અનેક સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેમકે, ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજ, શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ, સિનીયર સિટીઝન્સ કાઉન્સીલ, અખિલ ગુજરાત કુદરતી ઉપચાર અને યોગ મહામંડળ, કલા ગુર્જરી તથા સૌરાષ્ટ્ર પટેલ સમાજ, બાપુનગર.

કુંવરજીભાઈ આર્થિક રીતે નબળા વિદ્યાર્થી માટે સમાજમાંથી દાન એકઠું કરી આપવાની ઉમદા સેવા પણ બજાવે છે ને આવી કોઈપણ સેવા એમની જાણમાં આવે તો કર્યા વિના રહેતા નથી. સંસ્થાના બૅનર વિના પણ સમાજસેવા થઈ જ શકે એવો એમનો મત છે અને શરીર ચાલે છે ત્યાં સુધી સમાજસેવામાં રત રહેવાનો એમનો નિર્ધાર છે.

**સંબંધ સજાવે જિંદગી**

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૭૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ : ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૧.૪૫, ૭.૩૦
બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૫.૧૫

: સ્ક્રીન-૪ : ૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦
રાઉડી રાઠોડ : ૩.૦૦
મેક્ષીમમ(એ) : ૫.૩૦
બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦
ગૅન્સ ઓફ વાસેપુર : ૭.૩૦
તેરી મેરી કહાની : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૧.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦
બોલ બચ્ચન : ૯.૪૫

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૯.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બોલ બચ્ચન : ૧૦.૩૦
ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫
ગૅન્સ ઓફ વાસેપુર : ૪.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્દી) : ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- વી ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.
- કચ્છી પટેલ સનાતન સમાજ ગાંધીનગર દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

### ટાઉન હોલ

- નાનબાર પટેલ સમાજ દ્વારા સમાજની પુસ્તિકાનું વિમોચન સવારે ૯.૦૦ કલાકે.

### સામાજિક

- ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ૧૬મા વર્ષમાં પ્રવેશની ઉજવણીના ભાગ રૂપે સ્ટ્રાફ કોલેજ, સેકટર-૧૭ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

## આપની આજ

**મેષ** : અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**કર્ક** : ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. અનુભવીનું માર્ગદર્શન લેવું.